**૧૯૯૫માં જૂનાગઢ જેલમાંથી ભાગેલો ખૂંખાર ભાગેડુ આરોપીને પેરોલ-ફ્લો સ્કોર્ડે ગાંધીધામથી ઝડપ્યો**




## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ ધન**

**આજના ગ્રહોની કુંડળી**




**શુભ માલ્યયોગ થાય છે. આજે ગુરુ વક્રી છે. આજે અમાસ છે. ગુરુ - સૂર્ય અને મંગળ - શુક્ર એકબીજાની રાશિમાં ઉચ્ચના થાય છે. રાહુ બાલ્યાવસ્થામાં ને ગુરુ વૃદ્ધાવસ્થામાં છે.**

**મેષ** સાતમે મંગળ આઠમે શનિ સાવચેત રહેવાનું સૂચવે છે. પાંચમે ગુરુ વકરી હોઈ મેષ રાશિને નિહાળતો હોઈ ધાર્મિક્તા આપે - ધાર્મિક પ્રસંગ ઊભો થાય.

**વૃષભ** આઠમે સૂર્ય - ચંદ્ર - સાતમે શુક્ર - શનિ તેમજ છઠ્ઠે મંગળ મીશ્ર ફળ આપે - સારા સમાચાર મળે તો અમંગળ સમાચાર પણ મળે.

**મિથુન** સાતમે સૂર્ય - ચંદ્ર - આત્મા - મન - નો સમન્વય કરે છે - ગુરુથી દ્રષ્ટ હોઈ શુભ ફળ આપે. સંતાનોની ઉન્નતિ કરાવે.

**કર્ક** બીનજરૂરી વાદ-વિવાદમાં ઉતરવું નહીં. દલીલોમાં જીદ્દી થવું નહીં. સંતાનો બાબતમાં ચિંતા રહે - તોના પ્રશ્નો ઉકેલવામાં વ્યસ્તતા રહે.

**સિંહ** પત્ની સાથે મતભેદ રહે - સંતાનોના પ્રશ્નો ઉકેલવામાં વિલંબ થાય. તમારી ઈચ્છાઓ મુજબ કાંઈ જ ન થાય. કાળજી રાખવી. વિવાદમાં ન પડવું.

**કન્યા** રાહુને ગુરુ અંશાત્મક શૂન્ય તરફ જતાં હોઈ બંને ગ્રહોની સારી નરસી અસરો ઓછી થાય. રાહુ ત્રીસમીએ બદલાય છે - ગુરુ સાથે ચાંડાલ યોગ થશે. નુકસાન કરાવે.

**તુલા** મંગળ રાશિમાં હોઈ ક્રોધી સ્વભાવ કરે. સંયમ રાખવો - વાવ-વિવાદમાં ન ઉતરવું.

**વૃશ્ચિક** બારમે મંગળ ને બીજે શનિ રાશિને ખરાબ અસરો કરે છે - શક્ય તેટલી ભક્તિ કરવી - ખરાબ સમય શાંતિથી પસાર કરવો.

**ધન** આજે અમાસનો યોગ છે - બારમે શનિ છે. સાવચેતી રાખીને દિવસ પસાર કરવો. નુકસાન થવાના યોગ છે.

**મકર** આકસ્મિક ધન લાભ કરાવે. જન્મના ગ્રહોનો સુમેળ હોય તો પદપ્રાપ્તિ અને ઉન્નતિ પણ થાય - આઠમે ગુરુ કૌટુંબિક પ્રશ્નો.

**કુંભ** બારમે બુધ આર્થિક નુકસાન કરાવે - આર્થિક કોટા નિર્ણયો લેવડાવે જેમાં ખોટ જવાથી આર્થિક નુકસાન થાય.

**મીન** રાહુનો રાશિ બદલવાનો યોગ ચાલે છે તેથી નુકસાનીનો ભય નાબૂદ થઈ ગયેલ છે. આઠમે મંગળ પડવા - વાગવા - દાઝવાથી સાવચેત રહેવું.

# ધાનેરામાં ૮ લાખથી વધુની ચોરી કરનાર ત્રણ આરોપીઓ ઝડપાયા

હિંમતનગર, તા. ૭
બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વિસ્તારમાં થોડા માસ અગાઉ લુંટ કરતી ગેંગે ધાનેરા વિસ્તારમાં જુદી જુદી જગ્યા પર રૂપિયા ૮ લાખની



લુંટ ચલાવી હતી અને જે ગેંગના ત્રણ આરોપી આજે ધાનેરા પોલીસે ઝડપી પાડતા પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા વિસ્તારમાં લુંટ અને ચોરીના બનાવોમાં દિન પ્રતિદિન વધારો થતો જોવા મળી રહ્યો છે. ત્યારે હવે તો પોલીસે પણ લુંટ ચલાવતી ગેંગ સામે લાલ આંખ કરી છે અને આરોપીને પકડવાનું શરૂ કર્યું છે. આજથી થોડા માસ અગાઉ ધાનોલ ગામની દૂધ મંડળીના મંત્રી ધાનેરાથી પૈસા લઈ રવિ ગામ તરફ જઈ રહ્યા હતા તે સમયે કોઈ અજાણ્યા ઈસમોએ તેમના પર હૂમલો કરી રૂપિયા ત્રણ લાખની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા તે બાબતે બંને ગુના ધાનેરા પોલીસમથકે નોંધાતા ધાનેરા પોલીસે આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હતા. પરંતુ લાંબા સમય સુધી આરોપી હાથમાં ન આવતા પોલીસની ઊંઘ પણ હરામ થઈ ગઈ હતી તે બાદ ધાનેરા તાલુકાના રવિ ગામ પાસે બાપલા બનાસબેંકના કર્મચારીઓ પૈસા લઈ બાપલા જઈ રહ્યા હતા તે સમયે રવિ ગામની સીમમાં અર્ટીગા ગાડીમાં આવેલ યુવકોએ તમંચાથી ફાયરીંગ કરી રૂપિયા ૮૦ લાખની લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા તે બાદ સમગ્ર જિલ્લાની પોલીસ લુંટારૂઓને પકડવા માટે તત્પર બની હતી અને તપાસ દરમ્યાન ત્રણ આરોપી મળી આવતા તેમની પુછપરછ કરતા તેમને રવિયા ગામની સીમ અને વાલેર ગામની સીમમાં લુંટ કરી હોવાનું કબલ્યુ હબુલ્યુ હતુ.

અત્યારે તો ધાનેરા પોલીસે જૂની લુંટના ત્રણ આરોપી ઝડપી પડ્યા છે પરંતુ હવે જોવાનું એ રહે છે કે તાજેતરમાં થયેલી રૂપિયા ૮૦ લાખની લૂંટના આરોપી ક્યારે ઝડપી પડે છે તે તો આવનારો સમય જ બતાવશે.

# ૧૯૯૫માં જૂનાગઢ જેલમાંથી ભાગેલો ખૂંખાર ભાગેડુ આરોપીને પેરોલ-ફ્લો સ્કોર્ડે ગાંધીધામથી ઝડપ્યો

ડીસા, તા. ૮
કાયદાના હાથ લાંબા હોય છે તે ઉક્તિને સાચી ઠેરવી પાલનપુર ખાતેની કાર્યરત પેરોલ ફ્લો સ્કોડની ટીમે વર્ષ ૧૯૯૫થી હત્યા કેસમાં જૂનાગઢ જેલમાંથી પોલીસને માર મારી ભાગી છુટેલા રીઢા ગુનેગારને ૨૦ વર્ષ બાદ ઝડપી પાડ્યો છે. આ આરોપી જૂનાગઢ જેલમાંથી ભાગી છુટ્યા બાદ ૨૦ વર્ષથી નામ બદલી ગાંધીધામના એક ગામમાં રહેતો હતો. જોકે પોલીસે તેને ઝડપી પાડી ૨૦ વર્ષ બાદ પુનઃ જેલના સળિયા પાછળ ધકેલી દીધેલ છે.

આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠા જિલ્લામાં નાસતા ફરતા સજા પામેલા કેદીઓને ઝડપી પાડવા પેરોલ-ફ્લો સ્કોડ દ્વારા તાજેતરમાં ઝુંબેશ હાથ ધરાઈ હતી. જેમાં પી.એસ.આઈ. વી.આર. ચાવડા, હે.કો. ગોવિંદભાઈ, પો.કો. મહેશભાઈ, નરેશભાઈ, મહંમદ યુનુસ મકરાણી તેમજ હે.કો. રાજેશભાઈની ટીમે ૨૦ વર્ષથી નાસતા ફરતાં ખૂન કેસમના આરોપીને ઝડપવા વિવિધ ટીમો બનાવી હતી. જેમાં સ્કોડને બાતમી મળેલ કે ડીસામાં ૧૯૯૪માં હત્યા કરી કોર્ટથી સજા પામેલ ખૂન કેસનો આરોપી દિનેશભાઈ કેસરીમલ ઠક્કર ગાંધીધામના ગળપાદર ગામમાં છુપાઈ નવું નામ રમેશભાઈ લખુરામ પટેલ તથા રાજુભાઈ ઊદેચા નામ ધારણ કરી રહે છે. આ ખૂન કેસના આરોપીને અગાઉ ૧૯૯૫માં જૂનાગઢની સબ જેલમાં રખાયો હતો. જો કે જૂનાગઢ જેલમાં આ આરોપી અને અન્ય પાંચ આરોપી જેલ સિપાઈને માર મારી ભાગી છુટ્યો હતો. અને ત્યારબાદ ભાગેલા પાંચ ઝડપાયા હતા, જ્યારે આરોપી દિનેશ ઠક્કર નાસતો ફરતો હતો.






(તસવીર : દિપક જાની)

શહીદોને શ્રદ્ધાંજલિ - પઠાણકોટ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપવાનો એક કાર્યક્રમ સેક્ટર-૨૧ ખાતે યોજાયો હતો. જેમાં વેપારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાઈ મૌન પાળ્યું હતું અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# આજથી પોળો ઉત્સવનો પ્રારંભ

કુદરતી સંપત્તિ તથા સંસ્કૃતિના વારસાને જાળવવા, નિભાવવા તથા પુનઃ સ્થાપન માટે લોકોમાં જાગૃતિ લાવવા તેમજ કુદરતી સોંદર્યને એદમ નજીકથી કુદરતના ખોળે કુદરતી અવસ્થામાં માણીને તેના મહત્વ, ઓળખ, રક્ષણ, સંવર્ધન માટે લોક જાગૃતિ લાવવાના ઉદ્દેશથી આવતીકાલ ૯મી જાન્યુઆરીથી સાંજે ૪ કલાકે પોળો ઉત્સવનો રંગારંગ પ્રારંભ થશે. જેમાં સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા તથા ગૃહ મંત્રી રજનીકાન્ત પટેલ ઉપસ્થિત રહેશે.

## બિનજામીનપાત્ર વોરંટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રહ્યો છે. સામાજિક કાર્યકર જયકુમાર દ્વારા ધોની સામે ફરિયાદ દાખલ કરવા કેસ દાખલ કરવા અગાઉ નિર્ણય કર્યો હતો. ઈન્ડિયન પીનલ કોડની કલમ ૨૯૫ અને ૩૪ હેઠળ હવે તેની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. જવાબમાં હાઈકોર્ટે કહ્યું છે કે, આ સેલિબ્રીટીઓ કોઈપણ જવાબદારી વગર માત્ર જાહેરાતોમાં નજરે પડે છે. તેમનો હેતુ વધારે પ્રમાણમાં નાણા મેળવવાનો હોય છે. તેમના કારણે સમસ્યા ઉભી થશે તે અંગે તેઓ વિચારતા નથી. એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ દ્વારા ધોની સામે હવે આદેશ જારી કરી દીધો છે. ધોનીને કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવા માટે અગાઉ સૂચના આપવામાં આવી હતી. ધોનીને ૨૫મી ફેબ્રુઆરીના દિવસે કોર્ટમાં ઉપસ્થિત થનાર છે.

## ચાર્જશીટ દાખલ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

હાર્દિકે તેની સામે નોંધાયેલી રાજદ્રોહની ફરિયાદ રદ કરવા માટે કરેલી પિટિશિનના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આઠમી તારીખ સુધી ચાર્જશીટ કરવા પોલીસને હુકમ કર્યો હતો.પાટીદાર અનામત આંદોલન સમિતિના હાર્દિક પટેલને જાહેર સભાઓમાં બેફામ વાણી વિલાસ કરવો ભારે પડ્યો છે. સરકાર અને સત્તાધીશો ઉપરાંત પોલીસ તંત્ર સામે પણ લોકોમાં ઉશ્કેરાટ ફેલાય એવા નિવેદનો હાર્દિક પટેલ દ્વારા કરવામાં આવ્યા હતા. આંદોલન દરમિયાન સુરતના મોટા વરાછામાં રહેતા પાટીદાર યુવાન પાટીદાર યુવાન વિપુલ દેસાઈએ આત્મવિલોપનની ચીમકી આપી હતી. આ વિપુલને સમજાવવા તેના ઘરે ગયેલા હાર્દિક પટેલે પાટીદારનો દીકરો મરે નહીં બે ચાર પોલીસવાળાને મારી નાંખે એવી ઉશ્કેરણીજનક સલાહ આપી હતી. હાર્દિકના નિવેદનથી ભારે હોબાળો મચ્યો હતો. અગાઉ પણ હાર્દિક નિવેદનો અને વર્તન લોકોમાં પોલીસ અને સરકાર સામે ઉશ્કેરાટ ફેલાઈ એવા જણાતા પોલીસ કમિશનર અસ્થાનાએ ડીસીપી મકરંદ ચૌહાણને આ કેસની તપાસ સોપી હતી.

## ઘુસણખોરીની શક્યતા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મુલાકાત કરનાર છે. ગુજરાત પોલીસમાં રહેલા ટોપ સૂત્રોએ કહ્યું છે કે, સેન્ટ્રલ આઈબી દ્વારા ફોન કોલને આંતરીને આ પ્રકારની માહિતી એકત્રિત કરી છે અને ગુજરાત સરકારને એલર્ટ કરીને સાવધાન રહેવા કહ્યું છે. ગુજરાતમાં કચ્છ જમીન સરહદ મારફતે સંભવિત ઘુસણખોરી થઈ શકે છે. બીજી બાજુ ગુજરાત પોલીસના અધિકારીઓનું કહેવું છે કે, તેઓ પહેલાથી જ એલર્ટ છે. પંજાબની જેમ જ ગુજરાત સરહદી રાજ્ય છે અને એરબેઝ તથા લશ્કરી સ્થળો પણ ધરાવે છે અને આ સ્થળો ભારત પાકિસ્તાન સરહદની નજીક છે. પ્રજાસત્તાક દિવસની ઉજવણી આડે ઘણા દિવસો રહ્યા નથી ત્યારે સુરક્ષાને લઈને કોઈ બાંધછોડ કરવા માટે પોલીસ તૈયાર નથી. રાજ્યના આઈબીના વડા તથા અન્ય સરકારી અધિકારીઓ હાલમાં ચકાસણી હેઠળ છે. ઈન્ટેલીજન્સ ઈનપુટ એકત્રિત કરવા માટેની જવાબદારી સંભાળનાર અને રાજ્યના આઈબી પણ અમદાવાદમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક કુશળતા ચકાસવાની ફરજ પર છે. અમદાવાદ સહિત ગુજરાત હંમેશા હાઈએલર્ટ પર રહ્યું છે. આવી સ્થિતિમાં બાજનજર રાખવાના બદલે સ્કૂલી ફરજ અધિકારીઓ અદા કરી રહ્યા હોવાની ચર્ચા જોવા મળી રહી છે.

## સંવેદનશીલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાયદાઓ હોવા જરૂરી છે એટલુ જ નહિ દંડનીય જોગવાઈઓ અને વસુલીની સત્તા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપવી જોઈએ.

ગાંધીનગર જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણીએ અગાઉ પણ રાષ્ટ્રીય કોન્ફરન્સમાં તેમના રિસર્ચ પેપર રજુ કરી ચુક્યા છે તેમજ તેમના રિસર્ચ પેપર વિવિધ જર્નલોમાં પણ પ્રકાશિત થયા છે જે ઉલ્લેખનીય છે.

મમતાબેન દત્તાણીને આજે તેમના ઉત્કૃષ્ટ પોસ્ટર બદલ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભિમજીયાણીએ પણ બિરદાવ્યા હતા.

## દુઃખદ અવસાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વ. નાથુબાની અંતિમ યાત્રા તેમના વાસનના નિવાસ સ્થાનેથી નીકળી હતી જે ગામમાં ફરી અને પછી સિદ્ધપુર લઈ જવાઈ હતી જ્યાં તેમના દિકરાઓ બલવંતસિંહ વાઘેલા, કનુસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, ભરતસિંહ વાઘેલા, વિજયસિંહ વાઘેલા તથા રજુભા સરદારસિંહ વાઘેલાએ અગ્નિદાહ દીધો હતો. નાથુબા તેમની પાછળ લીલીવાડીને વિલાપ કરતા છોડી ગયા છે. સ્વ. નાથુબાનું બેસણુ તા. ૧૧-૧-૧૬ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે વૈજનાથ મહાદેવ વાસણ તા. જિ. ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે.

## મુક્તિમાં અવરોધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. સુપ્રીમ કોર્ટે આર્મ્સ એક્ટ હેઠળ સંજય દત્તને દોષિત ઠેરવ્યો હતો. તે ૧૮ મહિના અગાઉ જેલમાં સજા ગાળી ચુક્યો છે. બાકીની ૪૨ મહિનાની જેલની સજા હાલ તે ગાળી રહ્યો છે. મે ૨૦૧૩ બાદથી અનેક વખત પેરોલ અને ફર્લો ઉપર પણ છુટી ચુક્યો છે.રાજ્યના ગૃહ વિભાગના અધિકારીઓ મુજબ દત્ત ૨૭મી ફેબ્રુઆરીના દિવસે જેલમાંથી બહાર આવી શકે છે. તેની જેલની અવધિને તેના સારા વર્તનના કારણે ૧૮ મહિના સુધી ઘટાડી દેવામાં આવી છે. તેની વહલી તકે મુક્તિ સામે કેટલાકે વાંધો ઉઠાવ્યો છે.

## જિંદગી ખૂબ અદ્ભૂત છે

● **અનુસંધાન છઠ્ઠાનું ચાલુ**

જે વીસ વર્ષ સુધી એમ ને એમ જ પડી રહ્યું. એ પછી છાપાઓમાં ક્યારેક પ્રસંગોપાત કંઈક લખવાનું થતું પરંતુ ત્યારબાદ મેડિકલનું ભણતર શરૂ થવાથી ઘણો મોટો અંતરાલ આવ્યો.

**પ્રશ્ન : તો ડૉક્ટર સાહેબ, એ પછી બીજી ઈનિંગની શરૂઆત ક્યારે અને કેવી રીતે? એમાંનું પહેલ વહેલું સર્જન કયું. ?**

ઉત્તર : મેડિકલનો અભ્યાસ, હોસ્પિટલની શરૂઆત અને સામાજિક જીવનની જવાબદારીઓમાં વર્ષો નીકળી ગયા. એ પછી દીકરી તર્જનીનો જન્મ થતાં એને ગમે એવા કેટલાક બાળકાવ્યો લખવાની ઈચ્છા થઈ આવી. આમ તો જોકે હું પહેલાં પણ કયારેક કવિતાઓ લખતો. પરંતુ દીકરીના નિમિત્તે છ-સાત બાળકાવ્યો લખીને મેં ફરી લખવાની શરૂઆત કરી. આ કાવ્યો વડોદરાના ડાં. પુરંદરે આકાશવાણી પર ગાઈ સંભળાવ્યા અને તેને લોકોનો ખૂબ સુંદર પ્રતિસાદ મળ્યો. તેમાંથી પ્રેરણા લઈને ઉંદરભાઈને આંખો આવી નામનું બાળ-આરોગ્યલક્ષી કવિતાઓનું પહેલું પુસ્તક બન્યુ. આ પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ૨૦૦૪ માં શ્રેષ્ઠ બાળ-આરોગ્યલક્ષી કાવ્યનો પુરસ્કાર મળ્યો. બાળકાવ્યોના પુસ્તક આપણા સાહિત્યમાં અનેક છે. પરંતુ તેમાં આરોગ્યની વાત વણી લેવાઈ હોય તેવું આ એક માત્ર પુસ્તક છે. એ પછી, ૫૦૦ પાનાનું બૃહદ બાળ આરોગ્યશાસ્ત્ર લખ્યું બાળકના જન્મથી લઈને ૧૫ વર્ષ સુધી તેના આરોગ્યના દરેકે દરેક પાસાને આવરી લેતું ગુજરાતી ભાષાનું આ એક માત્ર પુસ્તક બન્યું.

**પ્રશ્ન : આપના કાવ્ય અને આરોગ્યલક્ષી પુસ્તકોની વાત જાણીને આપના સર્જનનું એક નવું પાસું જાણવા મળ્યું. પરંતુ પ્રશ્ન એ થાય છે ડાંક્ટર સાહેબ કે , આ પદ્યમાંથી ગદ્ય તરફ અને શારીરિક આરોગ્યમાંથી માનસિક આરોગ્ય તરફ આપની કલમે અચાનક કેવી રીતે વળાંક લીધો?**

ઉત્તર : એની વાત એકદમ રસપ્રદ છે, એમાં થયું એવું કે એ જમાનામાં ભાવનગર ખાતે સૌપ્રથમ ઈન્ટરનેટ કનેકશન લેનારા અમે ફક્ત ચાર મિત્રો હતા. એ સમયે બીજા કોઈને ત્યાં ઈન્ટરનેટની સુવિધા નહોતી. વળી, અમારે ત્યાં ડાયલ-અપ કનેકશન પણ એસ.ટી.ડી. કોડ લગાડીને જોડવું પડતું. તમને સાંભળીને હસવું આવશે કે એક કલાકના રૂા. ૧૫૦૦ લેખે અમે ૧૦૦ કલાકના રૂા. ૧૫,૦૦૦ ચૂકવ્યા હતા! વાંચનના તો અમે વ્યસની હતા જ. એટલે નવી નવી સાઈટો શોધીને અંગ્રેજી સાહિત્યની મજા માણતા. એ પછી દેશ-વિદેશના મિત્રોને સુંદર ઈ-મેઈલ દ્વારા ફોર્વર્ડ કરતાં અને તેમની પાસેથી પણ અમને એવી સુંદર લઘુકથાઓ ઈ-મેઈલ મારફતે મળતી કે જે વાંચીને અમારું હૈયું ભરાઈ જતું. માણસના જીવનમાં પોઝિટિવ વિચારોને ઉત્તેજના મળે એવી આ સુંદર બોધકથાઓ વાંચીને મને થતું કે આ બધું જેમને ઈન્ટરનેટ નથી એવા આપણા સગાં-સ્નેહીઓ અને મિત્રોને વાંચવા મળે તો કેવું સારું!

અંતે મેં થોડીક લઘુકથાઓનો અનુવાદ કરીને પત્નીને વાંચી સંભળાવી. એને આ વિચાર બહુ ગમ્યો. અમે બંનેએ આવી થોડીક વાર્તાઓ અનુવાદ કરીને તેની ઝેરોક્ષ મિત્રો-પરિચિતોમાં વહેંચવાનું વિચાર્યું સમય વીતતાં અમારી પાસે એટલી બધી વાર્તાઓ ભેગી થઈ કે અમે તેને એક પુસ્તક સ્વરૂપે છપાવવાનો વિચાર કર્યો. મેં ઈમેજ પ્રકાશનનો સંપર્ક કર્યો કે અમારે મિત્રોને ભેટ આપવા એક પુસ્તકની ૧૦૦ કોપી છપાવવી છે. પરંતુ એમણે કહ્યું કે પ્રેસમાં ૭૫૦ કોપીથી ઓછી છાપી ન શકાય. અમને થયું કે હવે શું કરીએ? મિત્રો અને સગા-સ્નેહીઓનું લીસ્ટ વધારેમાં વધારે ગણીએ તો પણ ૧૫૦થી તો ન જ વધે! બાકીની કોપીઓનું કરવું શું? છેવટે અમે વિચાર્યું કે જે થાય તે. આવું સુંદર સાહિત્ય આપણે મિત્રો સુધી પહોંચાડવું જ છે તો પછી શા માટે પીછેહટ કરવી? જેટલાં પુસ્તકો પરિચિતોમાં અપાય એટલા મફત આપીશું અને બાકીના પુસ્તકો કોઈ ચણા-મમરાવાળાની રેંકડીમાં આપી દઈશું જેથી પડીકામાં છપાયેલું ક્યારેક કોઈક તો વાંચશે! મોતીચારો નામ આપીને અમે તે પ્રેસમાં આપ્યું.

પણ વાસ્તવમાં બન્યું ઊલટું! માત્ર ૧૦ જ દિવસમાં એ પુસ્તક એટલુ 'બધું પ્રસિદ્ધિ પામ્યું કે તેની તાત્કાલિક સાડા ત્રણ હજાર નકલો છાપવી પડી. ત્યારબાદ તેની આવૃત્તિ સતત થતી રહી. આજ સુધીમાં મોતીચારોની ત્રીસ હજારથી વધુ નકલો વેચાઈ ચૂકી છે. મોતીચારોની સફળતા બાદ થોડોક સમય વીત્યો એ અરસામાં ગુજરાતમાં તોફાનો ફાટી નીકળ્યાં હતા. કેટલાય લોકોને ઘરબાર અને દુકાનો લૂંટાયા, નિર્દોષ લોકો રોષનો ભોગ બન્યા. લોકોમાં ડિપ્રેશન વધ્યું. આથી, મને થયું કે આ સમયે કેટલાક ચૂંટેલા જીવનપ્રેરક પ્રસંગો અનુવાદિત થઈને તૈયાર પડ્યા છે તો તેનું એક બીજુ પુસ્તક બનાવવું જોઈએ... અને આમ 'મનનો માળો' (મોતીચારો-૨) સ્વરૂપે બીજું પુસ્તક પ્રકાશિત થયું. આ પુસ્તકને પણ અગાઉની જેટલો જ લોકોનો પ્રતિસાદ મળ્યો. એ ક્રમમાં પછી હમણાં 'અંતરના ઉજાસ' પુસ્તક મોતીચારા ભાગ-૩ રૂપે લોકચાહના પામી રહ્યું છે. આ તમામ અનુવાદિત પ્રસંગો લેતી વખતે મેં એ બાબત વિશેષ ખ્યાલમાં રાખી છે કે આ પ્રસંગો હકારાત્મક અભિગમનો સંદેશો આપે તેવા જ હોવા જોઈએ. ત્યારબાદ બાળકો માટે 'હીરાનો ખજાનો' લખાયું અને તે પછી ઈજિપ્ત અલ-અમર્નાની રોમાંચક સાહસકથા 'સાથીદારની શોધમાં' લખાયું.

**પ્રશ્ન : ઈન્ટરનેટ પરની અનુવાદિત પુસ્તકોની શ્રેણી ઉપરાંત આપના જીવન પ્રસંગો પર આધારિત 'સાયલન્સ પ્લીઝ' અને 'સમયને સથવારે' પણ વાચકોમાં એટલા જ લોકપ્રિય રહ્યા છે. આ પુસ્તકો વિશે આપ કંઈક કહેશો ?**

ઉત્તર : હા. આ બંને પુસ્તકો મારા જીવનના સંઘર્ષકાળની ઘટનાઓ, તબીબી જીવનના અનુભવો વગેરેનો સમાવેશ કરે છે. ફોર્વર્ડેડ ઈ-મેઈલમાં મળતી નાનકડી લઘુકથાઓનો અનુવાદ કરતાં કરતાં મને થયું કે મારા જીવનમાં પણ આવી કેટલીક ઘટનાઓ બનેલી છે. તો શામાટે એને પણ વાચકો સાથે ન વહેંચીએ? આપણા જીવનની કોઈ બાબત કયારેક બીજાને પણ ખપમાં આવી શકે. આમ વિચાર કરતાં 'સાયલન્સ પ્લીઝ' તૈયાર થયું અને પછી એ જ રીતે કેટલાક અન્ય પ્રસંગોનો સમાવેશ કરીને 'સમયના સથવારે' પણ લખાયું.

**પ્રશ્ન : ડાંક્ટર સાહેબ, છેલ્લે એક વાત કહેવાની કે આપના પુસ્તકોના વિશ્વવ્યાપી ચાહકો માટે આપનો શું સંદેશ છે?**

ઉત્તર : બસ, એટલું જ કે જિંદગી ખૂબ અદ્ભુત છે. પોઝિટીવ રહીને વિચારીએ તો જીવન કોઈ દિવસ નિરાશા આપતું નથી. હકારાત્મક અભિગમ અપનાવો અને આગળ વધો. જીવનના કઠિન પ્રસંગોમાં એક માત્ર ઈશ્વર જ પ્રેરક બળ બની રહે છે. તે વૈશ્વિક શક્તિ છે. આ કોઈ ધર્મની વાત નથી. પરંતુ એક પરમ શકિતની આ વાત છે એને તમે ગમે તે નામથી બોલાવી શકો. એણે હંમેશા મારી મદદ કરી છે. તમારી પણ કરશે જ.હિંમત રાખો. કારણ કે હજુ આપણે ઘણે દૂર સુધી પહોંચવાનું છે.

આજના સમયમાં આપણને ઘણીવાર ઈચ્છા થાય કે કંઈક ક્રિએટિવ કે સર્જનાત્મક કામ કરવું છે પરંતુ નોકરી- વ્યવસાયમાંથી સમય મળતો નથી. તબલાં શીખવા છે, કથકની તાલીમ લેવી છે, વાર્તા લખવી છે પણ સમય કયાં છે? ઉત્સાહના એ બીજને કામના બોજ તળે સૂકવીને નષ્ટ ન કરતાં તેનો કેવી રીતે વિકાસ કરવો તેનો બોધ આપણને ડાંકટર સાહેબના જીવનમાંથી મળે છે. જેને ખરેખર કંઈક કરવું છે કરવાની અદમ્ય ઈચ્છા છે. તેને સધળી અનુકૂળતા આપોઆપ મળી જ રહે છે. ડાંકટર સાહેબના વ્યકિતત્વના બીજા અનેક પાસાઓ છે અમુક ઉંમર પછી 'આયુર્વેદ'નો અભ્યાસ શરૂ કરી શકાય એ માટે તેમણે ગત વર્ષે સંસ્કૃત વિષયની બારમા ધોરણની પરીક્ષા ૮૪ ટકા માર્કસ સાથે પાસ કરી છે. માત્ર આટલું જ નહિ, તેઓએ હમણાં થોડા દિવસ પહેલા આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી કોમ્પ્યુટરના સીસીસી કોર્ષની પરીક્ષા ડિસ્ટિંકશન સાથે પાસ કરી છે. એચટીએમએલ વિઝ્યુઅલ બેઝીક પ્રોગ્રામીંગ તેઓ ખૂબ સારું જ્ઞાન ધરાવે છે. આટલા બધા કામ સાથે અભ્યાસ, લેખન, વાંચન, કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ અને સમાજિક જવાબદારી એક સાથે કેમ કરીને નીભાવી શકતો હશે? તેવો પ્રશ્ન આપણને સૌને થાયે પરંતુ કહેવાય છે ને કે 'અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી. .'

**મુલાકાત - શ્રી મૃગેશ શાહ**
**(રીડ ગુજરાતી.કોમમાંથી સાભાર)**

## સ્માર્ટ ચિતાર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બાકીનુ કામ પણ પુર્ણ કરવામાં આવ્યુ હતુ. મહાત્મા મંદિર તરફ જવા માટે નગરના ખ માર્ગ ની જેમ જોડાયેલા ગ માર્ગની દશા બેઠી છે. ગ માર્ગ પર નિર્માણ કરાયેલી ફુટપાથની ટાઈલ્સો ખખડે છે. ફુટપાથ પર નજર નાંખતા પ્રાથમિક દ્રષ્ટીએ જ કામગીરીમાં કોઈપણ પ્રકારની ગુણવત્તા ન જળવાઈ હોવાની સાથે ભરપુર ભ્રષ્ટાચાર થયો હોવાનુ સ્પષ્ટ થાય છે. આ વોક વે વોક પર જતા સિનિયર સિટિઝન્સ માટે પણ ગમે ત્યારે જોખમી પુરવાર થાય તેવી સ્થિતિ છે. ખખડતી ટાઈલ્સો ઉખડી જતા તંત્રની ભ્રષ્ટ નિતી પણ બેનકાબ થઈ ગઈ છે. કંગાળ ભાસતા વોક વેના નિર્માણ પાછળ લાખો રૂપિયાનુ પાણીઢોળ કરવામાં આવ્યુ છે. ત્યારે જવાબદાર એજન્સી તેમજ તંત્રની ભ્રષ્ટનિતી મામલે વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ કોઈ તપાસ કરવામાં આવી નથી. કંગાળ ભાસતી ગાબડાગ્રસ્ત ફુટપાથ આસપાસ અસહ્ય ગંદકી પ્રવર્તી રહી છે. ગ-૦ થી ગ-૧ વચાળે ફુટપાથની દશા જોઈને સુજ્ઞ શહેરીજનો વ્યથિત છે. ત્યારે આ મામલે યોગ્ય તપાસ કરી જવાબદાર સામે પગાલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. મુખ્યમંત્રી શહેરને સ્માર્ટ સિટી જાહેર કરવામાં આવતા વિકાસ કામો માટે ઉત્સુક છે. ત્યારે તંત્રના વહીવટને ભ્રષ્ટાચારનો ભોરીંગ ભરખી ગયો હોવા છતા ઉચ્ચ અધિકારીઓના પેટનુ પાણી હલતુ નથી.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ હનીબ ચૌધરી હતું તે બદલીને મારું નવું નામ હની ચૌધરી રાખેલ છે.

**જાહેર નિવિદા**

સરકારી પોલીટેકનીક સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે કેન્ટીન ચલાવવા માટેના અનુભવી એજન્સીઓ પાસેથી ટેન્ડરો સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી. અથવા રૂબરૂથી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ ચાલુ કામકાજના દિવસોમાં ૧૧-૦૦ થી ૧૭-૦૦ કલાક વચ્ચે તા. ૧૧/૧/૨૦૧૬થી તા. ૩૦/૧/૨૦૧૬ સુધીમાં રૂ. ૫૦૦/- રોકડા અથવા ડી.ડી.થી ટેન્ડર ફીના ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે. ભરેલા ટેન્ડર ફોર્મ તા. ૩૦/૧/૨૦૧૬ના રોજ ૧૭-૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

આચાર્યશ્રી
સરકારી પોલીટેકનીક
સેક્ટર-૨૬, ગાંધીનગર

માહિતી/૨૨૭૭/૨૦૧૬-૧૭